સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

મગફળીના મૂલે માટી પણ વેંચાઈ જાય છે,
ને સરકારી તિજોરીના નાણાં ખર્ચાઈ જાય છે,
મિંચાઈ જાય છે આંખ મિલીભગતના ટેકામાં -
થાય છે નાશ પૂરાવાનો, અગ્નિ સિંચાઈ જાય છે

હાઈકુ

લાગી ચૂકી છે
ઉધઈ ખાયકીની -
પૂરા દેશને -
(વહીવટીતંત્ર ખોખલું)

ફોલી ખાય છે
ગરીબડા થઈને
ખેડૂતો પણ...
(મગફળીની જેમ)

ચિંતન

અનુસ્મૃતેશ્ચ ।

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

આત્મા ક્ષમિક નથી, પરંતુ નિત્ય છે. કારણ કે માનવ પોતાના પહેલાના અનુભવોને યાદ કરે છે ને કહી બતાવે છે. જો આત્માનો ક્ષણે ક્ષણે નાશ થતો હોય તો પોતાના પૂર્વ અનુભવોનું એવું સ્મરણ ના થઈ શકત. એક જ જન્મના જે જન્માંતરના અનુભવોની સ્મૃતિ થઈ શકે છે. એના પરથી પુરવાર થાય છે કે એ અનુભવોને સાક્ષી અથવા જ્ઞાતા આત્મા એક ઝે છે, નિત્ય છે ને સનાતન છે. આ પરિવર્તનશીલ જગતમાં અપરિવર્તનશીલ પદાર્થ તરીકે પ્રવાસ કરે છે.

આત્મા અમર છે મૃત્યુ પછી બીજા જન્મોમાં આગલા જન્મોની સ્મૃતિ ઈશ્વરકૃપા અને ગુરુપ્રસાદથી યાદ આવી જાય છે.

શરીર નાશવંત છે આત્મા સદા જીવંત છે.

સુવિચાર

- થોડીવાર બુદ્ધિને કોરાણે મુકશો તો... ઈશ્વરની નીકટ જઈ આવશો દોસ્તો - **સાકેત દવે**
- આપણે એવો સમાજ રચી બેઠા છીએ જેમાં દ્વેષ તો છડેચોક થઈ શકે પરંતુ પ્રેમ તો છાનોમાનો જ થઈ શકે - **દેવેન્દ્ર વિઠલાણી**
- પોતાની કોઈ એક આવડતથી અને પ્રારબ્ધથી પ્રસિદ્ધિ પામી ગયેલ દરેક વ્યક્તિ ઉમદા મનુષ્ય નથી હોતી - **શાહબુદ્દિન રાઠોડ**
- સંબંધોના ગણિતમાં શિક્ષાનું કોઈ સ્થાન નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આદર્શ અને વ્યવહાર વચ્ચે અંતર જેટલું ઓછું, તેટલો તે સંબંધ વધુ મજબૂત, આનંદદાયક અને સંતોષ આપનારો - **જનકલ્યાણ**
- અંગત સંબંધમાં હાર-જીતથી દૂર રહેવું - **ફાધર વર્ગીસ**
- આજનું ઔષધ : બાળકો તોતડું બોલતા હોય તો તેની વાણી સુધારવા અક્કલકરો અને ઘોડાવજનો ઘસારો મધ સાથે ચટાડવાથી લાભ થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ગોવા, દાદરાનગર હવેલીને પોર્ટુગીઝોથી આઝાદ કરાવી અખંડ ભારતમાં સામેલ કર્યાના બીજા જ વર્ષે ૧૯૬૨માં ભારતના નાણામંત્રી તરીકે મોરારજી દેસાઈ વર્લ્ડ બેંકની કોન્ફરન્સમાં હાજરી આપવા જીનેવા ગયા હતા. ત્યાં એમની મુલાકાત જહોન ઑફ કેનેડી અમેરિકાના પ્રમુખ સાથે થઈ. આ મુલાકાત દરમિયાન કેનેડીએ ગોવામાં અપનાવેલ અભિગમને વખોડી કાઢ્યો. જગત જમાદારી કરવાની અમેરિકન આદત એટલે એમણે મોરારજી દેસાઈને સંભળાવ્યું, 'આવું પગલું ભરતાં પહેલા નહેરુજીએ એમને જાણ કરવી જોઈતી હતી.'

વળી કેનેડીને એ પણ અંદાજ હતો કે ગોવા મુદ્દે મોરારજી અને જવાહરલાલ વચ્ચે મતભેદ હતા. એટલે એમને એવી અપેક્ષા હતી કે મોરારજીભાઈ કેનેડીની હા માં હાં મેળવશે. પણ કેનેડીની વાત સાંભળી મોરારજીભાઈ વિફર્યા અને કેનેડીને મોઢે સંભળાવી દીધું. 'એક તરફ તમે વિશ્વશાંતિની વાતો કરો છો અને બીજી તરફ ક્યુબામાં કત્લેઆમ ચલાવો છો, એટલે અમારી સામે આંગળી ચીંધતા પહેલા તમારે તમારા તળિયા તપાસવા જોઈએ.' અમેરિકન પ્રમુખને કદાચ કાણાને કાણો કહેનારો રાજકારણી પહેલીવાર મળ્યો હશે. આવા સાચા રાષ્ટ્રવાદી મોરારજી દેસાઈને શતૂ શતૂ નમન.

પાકિસ્તાન જઈને મોદીને સત્તા પરથી હટાવવાનો લવારો કરી આવતા મણીશંકર ઐયર જેવા નેતાઓને આમાંથી કંઈક શીખવા જેવું છે.

નેતાઓ પણ વેકેશન મૂડમાં

તંત્રીસ્થાનેથી...

સાપ અને નોળિયાની લડાઈમાં નોળિયો થોડી થોડી વારે દરમાં ઊતરી જઈ પાછો ફરતો હોય છે. દંતકથા એવી છે કે એ દરમાં ઊર્જાના અખૂટ ભંડાર સમી નોળવેલ સૂંઘવા જતો હોય છે. એનો થાક ઊતરી જાય છે અને બમણી તાકાત સાથે એ ઘાયલ સાપ પર ત્રાટકે છે. આપણા રાષ્ટ્રીય નેતાઓ પણ અદ્દલ આ નોળિયાની જેમ વર્તે છે. એક ચૂંટણી પતે કે તરત તેઓ કોઈ રળિયામણા સ્થળે વિશ્રામ માટે ઊપડી જતા હોય છે. જાણે પ્રજાએ એમને ચૂંટણીઓ લડવા માટે જ ના ચૂંટી મોકલ્યા હોય! એમને દેશમાં રહી, અંતરિયાળ વિસ્તારોમાં ફરી પ્રજાના પ્રશ્નો સાંભળવાની તો ફુરસદ જ કયાં હોય છે ! ફક્ત ચૂંટણી ટાણે જ એ થાકી જવાય એ હદે દોડાદોડી કરી મૂકે છે. દલિતોના મહોલ્લાઓમાં પહોંચી જાય છે. મધમીઠાં વચનો અને આશ્વાસનોની લહાણી કરે છે. પોતે જ દેશનું કલ્યાણ કરી દીધું હોય એવો ધરાર નફ્ફટ દાવો કરતા ફરે છે. પ્રાસાનુપ્રાસ વાળી તિકડમબાજીથી ભલીભોળી પ્રજાને દૂ બનાવતા ફરે છે. વિપક્ષી નેતાને સત્તાધારી પક્ષની ખામીઓ સિવાય કશું દેખાતું જ નથી. એને હટાવી દો અને અમને સત્તાની ધુરા સોંપી દો : બસ, બાકીનું અમે ફોડી લઈશું. લોકશાહી ખૂબ સારો કન્સેપ્ટ છે પણ એમાં એકબીજાને ભાંડવા સિવાય બીજું કંઈ કરવાનું જ ન હોય એ હદે આપણા નેતાઓએ એનો બેફામ દુરુપયોગ કર્યો છે, ભલીભોળી પ્રજાને સતત છેતરી છે અને પોતે પ્રજાના પરસેવાની કમાણી પર તાગડધિન્ના કર્યા છે. અપવાદરૂપ નેતાઓને બાદ કરતાં મોટા ભાગના દરેક રાજકીય પક્ષના નેતાઓને આવી જીવનપદ્ધતિ કોઠે પડી ગઈ છે. પ્રજા પ્રત્યેની નિષ્ઠાનો ગ્રાફ સતત નીચે ઊતરતો રહ્યો છે. એમાં વચ્ચે કોઈ પ્રામાણિક નેતાના હાથમાં સત્તા આવી હશે તો પણ એની ભલમનસાઈનો એના સહયોગીઓએ ભારે ગેરલાભ ઉઠાવી એને ક્ષોભજનક સ્થિતિમાં મૂકી દીધો હશે. વાજપેયી અને મનમોહનસિંહ આવા નેતાઓ હતા જેમને એમના જ સાથીઓ નડ્યા ન હોય તો આજે દેશ કોઈ જુદી જ ઊંચાઈએ પહોંચ્યો હોત. નરેન્દ્ર મોદી ભારતીય લોકશાહીની એક યાદગાર ઘટના જરૂર બની રહેશે, પરંતુ એમની ઈમાનદારી શંકાથી પર નથી. એ 'ચૂંટણિયા મહાનાયક' છે. કર્ણાટકની ચૂંટણીમાં ધાર્યું પરિણામ હાંસલ નહીં થતાં હવે એ ૨૦૧૯ની લોકસભાની તૈયારીમાં પડ્યા છે. વચ્ચે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ ઉપરાંત ઓડિશાની ચૂંટણીઓ આવશે. મોદી એ ચૂંટણીઓ જીતવા તમામ ખરાખોટા રસ્તા અપનાવશે. હમણાં હાલ તેઓ વિદેશ પ્રવાસના મૂડમાં છે. આખી દુનિયામાં વારંવાર ફરી વળ્યા પણ કયારેક વિશાળ ભારતનો હિસ્સો ગણાતા ઈન્ડોનેશિયા નહોતા ગયા એટલે 'લૂક ઈસ્ટ' પૉલિસી મુજબ એનો વારો કાઢ્યો છે. સાથે જ સિંગાપુર અને મલેશિયા પણ જતા આવશે. સોનિયા ગાંધીને કોઈ વિચિત્ર બિમારી છે, જેની સારવાર આવડા મોટા હિંદુસ્તાનમાં ઉપલબ્ધ નથી! તેઓ મહત્ત્વાકાંક્ષી કુંવર સાથે સારવાર માટે ઊપડી ગયાં છે. મૂળ કારણ એટલું કે હમણાં જ કર્ણાટકનો ચૂંટણી જંગ પૂરો થયો છે અને હાલ તત્કાળ કોઈ ચૂંટણીસભાઓ નથી કરવાની !

ભીંજાયેલી આંખો સાથે કયારેક હસવું પણ આવી જાય છે

નવાં કલેવર
નટવર હેડાઉ

ફઈબા કેરી કાપતાં ત્યારે અમે બધાં બાળકો તેમને ઘેરીને બેસી જતાં કાકા-મોટા બાપાના છોકરાઓની સાથે ફઈબાના પોતાનાં છોકરાંઓ પણ હોય. બધાં બાળકો કેરીની ગોટલીની આશામાં મોટી મોટી ગોળ આંખોને ગોટલી પર તાકી એક નજરે ગોટલીને એવી રીતે જોતા જાણે કે આખી દુનિયા ગોટલીમાં જ સમાઈ ગઈ ન હોય. કેરીનો ગોટલી મળતાં જે ચમક તેમની આંખોમાં આવતી હતી તેનો ચીડાવવાના ભાવ તેમના ચહેરા પર જોઈ એવો આભાસ થતો કે કેરીની ગોટલીમાં કંઈક તો એવું અનોખું છે કે બધાંને કેરીની ગોટલી જોઈએ છે. બીજાની બાબતમાં તો મને બરાબર ખબર નથી પણ એક વાત નક્કી કે મને કયારેય ગોટલી મળી નથી.

કેરીની ગોટલીની લાલચ એ માટે પણ હતી કે જે ગોટલી રૂંછડાવાળી, માંસલ અને દળદાર હોય તેના પર ફઈબા થોડી ચીરી રહેવા દેતાં. પણ એવી ચીરીવાળી ગોટલી અમારા બહેનોના ભાગે બહુ ઓછી આવતી. એક બીજી વાત પણ હતી. જેની પર ફક્ત મૈં જ ધ્યાન આપ્યું હતું. કે જે ચીરી અમને મળતી તે પણ બીજા કરતાં નાની હોય એવું બનતું હતું. હું મારી નાનકડી ચીરીને ધીમે ધીમે ખાતી જેવી ગોટલી ચાટવાની આવે ત્યાં સુધી તે ચીરીમાં રહેલ સ્વાદ જીભમાં આવતો રહે. પણ તે હરિફાઈમાં હાર નિશ્ચિત હતી. કેમ કે ગમે તે થાય મન તો ગોટલી પર જ ચોંટેલું રહેલું હતું. અને વળી એવું પણ હતું કે ફઈબાની સામે કોણ બોલે. એક છૂપો ડર હંમેશા રહેતો. ઓરમાનપણાને કારણે હતું એવું પણ નહીં પણ એક કહી ન શકાય તેવો અહેસાસ પળ પળ રહેતો. જેની ચસક આજ પણ છે.

તે મમતા પોતાના ઘરમાં જયારે પણ પોતાના બે બાળકો માટે કેરી કાપતી ત્યારે ગોટલી હવે તેને જ ચૂસવી પડતી. કેમ કે તેના અમેરિકામાં ઊછરેલા બાળકોને ગોટલીમાં જરાય રૂચી નથી. હવે કેરીની ગોટલા ચૂસવાનું મોટું કામ મમતાને જ કરવું પડે છે. કેમ કે ગોટલીને એમ જ ફેંકી દેવી એ કેરીનો બગાડ છે. અને ખોરાકનો બગાડ પપ્પાના આદર્શોની વિરુદ્ધ છે.

હવે કેરીની ગોટલીના દરેક ચૂસકારની સાથે બાળપણના એ દિવસો એક ચલચિત્રની જેમ ગોટલી ને પહેલી વખત ચૂસે ત્યાંથી છેલ્લી વખત ચૂસે ત્યાં સુધીનાં તમામ દૃશ્યો મમતાની આંખો સામે દેખાયા કરે છે. કયારેય આંખમાં જળજળીયા આવી જાય છે. ભીંજાયેલી આંખો સાથે કયારેક હસવું પણ આવી જાય છે અને હોઠ મલકી ઊઠે છે.

જીવનના બે અલગ પડાવ જેમાં કેરીની ગોટલીનો આટલો પ્રભાવ તેનો કદાચ બીજો કોઈ તર્ક ન હોઈ શકે. પણ હાં એક સમય તેનો મોટો હતો. આજ તે સમયની યાદ ને કારણે તે મોટો લાગે છે.

કમળાબા

ગુલમહોર
દિનેશ દેસાઈ

દરેક મા માટે પોતાનો દીકરો દેવતા જ હોય છે. મા ગરીબ હોય કે અમીર, મા માટે પોતાનો દીકરો રાજકુમારથી કમ નથી હોતો. દીકરા માટે દરેક માને પક્ષપાત હોય છે. મા માટે મનોદ્વંદ્વ ત્યારે સર્જાય છે જ્યારે પતિ અને પુત્રમાંથી કોઈ એકની પસંદગી કરવાની આવે. ડાબી આંખ વહાલી ગણવી કે જમણી આંખ?

એંસી વર્ષનાં કમળાબા વિસ્ફારીત આંખે ઘરના બારણે અને ઉંબરે મીટ માંડીને બેઠાં છે. મન બેચેન છે. શરીરે ફાટેલો સાડલો વીંટાળ્યો છે. પલાંઠી વાળીને બેસી શકાતું નથી અને ઉભા થવા માટે હવે લાકડીના ટેકાની જરુર પડવા માંડી છે. સંતાનમાં એકનો એક દીકરો તે આનંદ પણ હવે એ'ય માની ટેકણલાકડી બની શકતો નથી.

બળબળતા બપોરની વિદાય અને સાંજનો આરંભ છે. વૈશાખનો વાયરો દઝાડી મૂકે એવો છે. હવે કમળાબા ઓસરીમાં આવ્યાં ને કરચલીવાળા કપાળે ડાબા હાથની હથેળીનું છજું કરીને રસ્તા તરફ જોઈ રહે છે. પાડોશમાં રહેતો બાબુ તો છેક બપોરના બાર વાગ્યાનો આનંદને લેવા માટે ઘરેથી નીકળી ગયો છે. છતા હજુ બેઉ ઘરે પાછા ફર્યા નથી. કમળાબાના હૈયે ઉચાટ છે.

ઓસરીમાંથી ફરી ઘરના ઓરડામાં આવીને બાએ રેડિયો ચાલુ કર્યો. બાને હંમેશા રેડિયો પરથી ગુજરાતી કાર્યક્રમો અને ગુજરાતી ગીતો, ભજનો વગેરે સાંભળવાનું ગમતું. એ ભલા અને એમનો રેડિયો ભલો. કમળાબાના ચાસ પડી ગયેલા ચહેરા ઉપર ભાવશૂન્યતાનાં લિંપણ સિવાય કશું જ નથી. ખડકીનો દરવાજો ખખડ્યો અને એ તરફ તેમણે જોયું કે બાબુ આનંદનો હાથ પકડીને લાવી રહ્યો છે.

યુવાનીના ઉંબરે પ્રેમભગ્ન થતાં આનંદનો સ્વભાવ બદલાઈ ગયો હતો. તે શૉર્ટ-ટૅમ્પર થઈ ગયો હતો. તેને કદાચ બ્રેક-અપની ભારે અસર થઈ હતી. દેખાવે પ્રૌઢ છતા આનંદની બધી વર્તણુંક ચાર-પાંચ વર્ષના બાળક જેવી છે. પચાસ વર્ષના દીકરાની પાંચ વર્ષના બાળક જેવી હરકતો એંસી વર્ષનાં કમળાબા હસતા મોંઢે ચલાવી લે છે

સાંજના પાંચ થવા આવ્યા છે. બાએ બેઉને જોતાવેંત દોટ મૂકી અને આનંદને બાથમાં લઈ લીધો. ક્યાંય સુધી માથે હેતપૂર્વક હાથ ફેરવ્યો. આનંદના માથાના વાળ સહેજ લાંબા અને અસ્તવ્યસ્ત હતા. દાઢી'ય થોડી વધેલી હતી. બાએ વાંસે હાથ ફેરવીને દીકરાને ખાટલા ઉપર બેસાડ્યો. પોતે પણ બાજુમાં બેસી ગયાં. પચાસ વર્ષનો આનંદ પાંચ વર્ષનો બાળક બનીને બાનાં ખોળામાં માથું મૂકીને રડવા માંડ્યો.

બા દીકરાના માથે હાથ ફેરવતાં રહ્યાં અને બોલ્યા: "બેટા, ચાલ જો. છાનો થઈ જા. તને ખુબ ભાવતી લાપસી રાંધી છે."

બાબુ ઉભડક પગે બાજોઠ ઉપર બેઠો હતો. તેણે કહ્યું કે "કમળાબા, મૅન્ટલ હૉસ્પિટલવાળા ડૉક્ટર કહેતા હતા કે આ વખતે આનંદને ઘરે લઈ જવામાં બહુ મોડું કર્યું. એક અઠવાડિયાથી રાહ જોવામાં આવી રહી હતી. તમે દીકરાને લેવા રૂબરૂ કેમ ન આવ્યાં? એમ પણ પુછતા હતા."

આનંદ ખાટલેથી ઊઠીને બાથરૂમ તરફ વળ્યો કે તરત બાબુએ વાત આગળ વધારી: "ડૉક્ટર તો એમ પણ કહેતા હતા કે આને તો નખમાં'ય રોગ નથી. હા, તોફાને ચઢે ત્યારે જુદી વાત છે પણ એટલા ખાતર તમે લોકો આનંદને અહીં મૅન્ટલ હૉસ્પિટલમાં મૂકી જાવ છો અને વરસ-વરસ લગી મ્હોં પણ બતાવતા નથી, એ ઠીક નથી. આ તે કંઈ ખોડા ઢોરની પાંજરાપોળ છે કે તમે આવી આવીને એને મૂકી જાવ છો, રામભરોસે?"

આનંદ બાથરૂમ સુધી પહોંચી શક્યો નહિ. એનાથી ઓસરીમાં જ પેશાબ થઈ ગયો. તેણે પોતાનું મેલુંઘેલું શર્ટ ઉતાર્યું અને જાણે પોતું કરવા લાગ્યો અને પછી એ જ શર્ટ પહેરવા પ્રયાસ કરી રહ્યો. એને રોકવામાં જોખમ હતું એટલે બા અને બાબુ આ બધું જોઈ જ રહ્યાં.

બાએ ડૂસકું મૂક્યું અને બાબુ તરફ જોઈને બોલ્યાં કે "બાબુ, ડૉક્ટરની વાતે'ય ખોટી નથી. આ તો લલાટે લખાયેલું રોજનું દુ:ખ છે. મને'ય કંઈ શોખ થતો હશે કે એકના એક દીકરાને ગાંડા ભેગો ગાંડો કરવા ગાંડાની ઈસ્પિતાલમાં મૂકતી ફરું? આતો વરસે દહાડે એનો ત્રાસ વેઠવો મારા માટે અસહ્ય થાય ત્યારે જ ને!"

બા બોલ્યે જતાં હતા: "બાબુ, તું પાડોશી નહિ, મારા દીકરાની ગરજ સારે છે, બાકી આજના નકલી ઘીના જમાનામાં અહીં કોને પડી હોય કે ટાંપો ખાવા અને મદદ કરવા આવીને ઊભું રહે?"

પચ્ચીસ વર્ષની વયે કમળાબાનાં લગ્ન થયાં હતાં. પતિના શ્વાસ તો દમની બીમારીમાં અટકી પડ્યા હતા. વૈધવ્ય તો વસમું જ હોય. પિયરમાં મા-બાપ ન હોય ત્યારે ભાઈ-ભાભી વિધવા બહેનને આખી જિંદગી પાળે-પોષે એ વાતમાં કોઈ માલ નથી. પહેલાં લગ્નથી સંતાનની જવાબદારી નહોતી, એટલું કદાચ ઈશ્વરનું વરદાન હતું. ચારેક વર્ષ તો જેમ તેમ કાઢ્યાં પણ પાણી માથા ઉપરથી વહેવા લાગ્યું ત્યારે કમળાબાએ બીજું ઘર માંડવાનું મન બનાવી લીધું હતું.

કમળાબા બીજવર શંભુપ્રસાદને પરણ્યાં ત્યારે ઓગણત્રીસ વર્ષનાં હતાં. ત્રીસેક વર્ષની ઉંમરે તેમને સંતાનસુખ પ્રાપ્ત થયું અને દીકરાનો જન્મ થયો. ઘરમાં આનંદ આનંદ છવાઈ ગયો હતો અને એથી જ દીકરાનું નામ આનંદ પાડ્યું હતું. આજે તો હવે એ વાતને પચાસ પચાસ વર્ષનાં વહાણાં વાયાં હતાં અને પોતે'ય એંસી વર્ષનાં થયાં હતાં. શંભુપ્રસાદની સરકારી નોકરી હતી એથી તેમના ગુજરી ગયા પછી પણ તેમને દર મહિને પેન્શન મળે છે. આમ પેન્શનની રકમમાંથી ગુજારો થઈ જાય છે.

કમળાબાની આંખ સામે બધું તાદૃશ્ય થતું હતું. યુવાનીના ઉંબરે પ્રેમભગ્ન થતાં આનંદનો સ્વભાવ બદલાઈ ગયો હતો. તે શૉર્ટ-ટૅમ્પર થઈ ગયો હતો. તેને કદાચ બ્રેક-અપની ભારે અસર થઈ હતી. નોકરીના સ્થળે કોઈની પણ જોડે કારણ વિના બાખડી પડતો. એમાંને એમાં તો સારા પગારની અને કાયમી નોકરી જતી રહી હતી.

આખો દિવસ આનંદ એક જ વાતનું રટણ કરતો: "બા, મને શાલિની સાથે લગ્ન કરાવી આપ."

નોકરી છુટી ગઈ એ પહેલાંની વાત છે. કમળાબા એક દિવસ શાલિનીને રૂબરૂ મળ્યાં હતાં અને આજીજી પણ કરી હતી કે "બેટા, આનંદ સાથે લગ્ન કરવામાં તને શો વાંધો છે? મારે તો એકનો એક દીકરો છે. ઘરનું ઘર છે. તમે એકબીજાને સારી રીતે ઓળખો પણ છો. સાથે નોકરી કરો છો. તમારે જો પરણીને જુદા અને સ્વતંત્ર રહેવું હોય તો એમાં પણ મારો કોઈ જ વિરોધ નથી."

શાલિનીએ શાંત ચિત્તે જવાબ આપ્યો હતો કે "બા, એવું કશું જ નથી. અમે સાથે નોકરી કરીએ છીએ. અમે બેઉ એકમેકને જાણીએ છીએ, સમજીએ છીએ, એ બધી જ વાત સાચી પણ અમે સારા મિત્રો છીએ. આનંદ સાથે લગ્ન કરીને જીવનસાથી બનવાનો મારો કોઈ ઈરાદો નથી."

શાલિની એન.આર.આઈ. મુરતિયા સાથે પરણીને અમેરિકા ઊડી ગઈ હતી. આનંદને તો ઑફિસમાંથી ઊડતી ઊડતી વાત જાણવા મળી હતી. શાલિનીએ પોતાનાં લગ્ન વિશે કોઈને કશું કહ્યું જ નહોતું, આનંદને પણ અંધારામાં જ રાખ્યો હતો. શાલિની સાથેનો પ્રેમભંગ અને તેનું અચાનક અમેરિકા જવું, બસ આ જ વાતે આનંદ વિચલિત થઈ ગયો હતો.

આનંદ જાણે ભ્રમિત થઈ ગયો હતો. નોકરી તો છુટી ગઈ હતી. ઘરમાં પણ તેનું રુટિન ખોરવાઈ ગયું હતું. દાઢી-વાળ વધી જવા છતા કોઈ દરકાર નહિ. સમયસર નાહવાનું નહિ, કપડાં બદલવાનાં નહિ, ગંદા કપડાં તરફ જાણે ધ્યાન જ ન જાય. દેખાવથી મજનુ કે આવારા લાગે. ખાવા-પીવાનું કે ઊંઘવાનું અનિયમિત કરી દીધું હતું. ગમે ત્યારે લવારા કરવા માંડે. એકલો એકલો બબડવા માંડે. કમળાબાની ચિંતાનો પાર નહોતો. પોતે દીકરાની દશા જોઈને મનોમન ભાંગી પડ્યાં હતાં.

હિતેચ્છુ લોકોના કહેવાથી કમળાબાએ મનોતબીબોને પણ બતાવી જોયું હતું. સૌ સાયકોલૉજિસ્ટ્સનો એક જ ઑપિનિયન હતો કે "મૅન્ટલ ડિસઑર્ડરનો કેસ છે. દવા અને સીટિંગની સારું થાય એવી આશા રાખીએ. જો કે તકલીફ વધી જાય તો આગળ જતા આનંદના સબકૉન્સિયસ માઈન્ડને પણ અસર પહોંચી શકે. તેના પઝેસિવ નેચરથી આ તકલીફ શરુ થઈ હોવાનું જણાય છે. જો તેનામાં પ્રતિકારની, બદલાની ભાવના પ્રબળ બને તો તે કોઈ પણ કૃત્ય કરી શકે. તેને પ્રેમ આપીને સાચવવાની જરુર પણ ખરી."

ઘરમાં આનંદ ક્યારેક તોડફોડ કરી લેતો. ક્યારેક ગુસ્સામાં ભાન ભૂલીને કમળાબાને પણ મારઝુડ કરી લેતો. ઘરની ચીજવસ્તુઓ જેમ તેમ ફેંકવા લાગે.

અનુસંધાન પાના નં ૭ પર

વિરહ, મિલન, વિરહ : એક અનંત યાત્રા

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

બચપણથી જ લાડકોડમાં ઉછરેલી એક યુવતીના લગ્ન થયાં. યુવતીને મા-બાપે સાસરે વળાવી ત્યારે તે એકદમ તંદુરસ્ત હતી, સુંદર, શરીર શૌષ્ઠવ સારું હતું. ચહેરા ઉપર તાજગી હતી., ભરાવદાર ચહેરો હતો અને તેની આંખોમાં એકદમ ચમક હતી. મા-બાપના ઘરની જેમ યુવતી સાસરે પણ સુખી હતી. પ્રેમાળ પતિ હતો. સ્નેહાળ સાસુ સસરા હતા. સખી જેવી નણંદ હતી અને સ્નેહ વરસાવતા અન્ય કુટુંબીજનો પણ હતા. ખાધેપીધે પણ કુટુંબ ખૂબ જ સુખી હતું. કુટુંબમાં આવેલી નવવધુને કોઈપણ વાતનું ઓછું ના આવે તેની બધા જ કુટુંબીજનો કાળજી રાખતા હતા.

લગ્ન થયે એકાદ વર્ષનો સમય ગાળો પસાર થઈ ગયો અને એ સમય દરમિયાન યુવતી શરીરે થોડી નબળી પડી ગઈ. કહો કે યુવતી શરીરથી ઓસરી ગઈ. યુવતીના ચહેરાની લાલાશ ફિક્કી પડી ગઈ. આંખો નીચે કાળા કુંડાળાં થઈ ગયા. કોઈ અજાણી વ્યક્તિ એ યુવતીને પહેલી નજરે જુવે તો એ કોઈ બીમારીમાં સપડાઈ ગઈ હોય એવું જ લાગે. સ્નેહી સંબંધીઓના સૂચનો અને હઠાગ્રહને વશ થઈ યુવતીની દાક્તરી તપાસ કરવી, બધા જ પ્રકારના જરૂરી મેડિકલ રિપોર્ટ્સ કરાવ્યા પણ બધા જ રિપોર્ટ્સ એકદમ નોર્મલ આવ્યા. ડોક્ટરના કહેવા પ્રમાણે એ યુવતીને નખમાં પણ રોગ ન હતો.

પિયર પક્ષના એક સ્નેહીએ તો યુવતીને ખાનગીમાં પૂછી પણ લીધું કે તેને સાસરી પક્ષમાં કોઈ પ્રકારનું દુ:ખ તો નથી ને? યુવતીએ હસતાં હસતાં જવાબ આપ્યો કે પોતાને સાસરે પાણી માંગે તો દૂધ હજાર થાય છે. સાસરે કોઈ જ વાતની કમી નથી અને કોઈ જ વાતનું દૂ:ખ પણ નથી. યુવતીએ નિખાલસતાથી એક વાત કબુલ કરી કે પોતાને એક જ વાતનું દુ:ખ સાલે છે અને એ દુ:ખ પિયરનો વિયોગ. યુવતીએ કહ્યું કે તેને પિયર વિના ગોઠતું નથી, ગમતું નથી. પોતાના માતા-પિતા, ભાઈ-બહેનનો વિરહ પોતે સહન નથી કરી શકતી અને તેની અસર પોતાના શરીર ઉપર થઈ છે.

યુવતીને પિયરનો વિયોગ સાલતો હતો એનો અર્થ એ ન હતો કે પોતે લગ્ન પછી છેલ્લા એક વર્ષ દરમિયાન પિયર ગઈ જ ન હતી કે પિયરજનોને મળી જ ન હતી. એક વર્ષના સમય ગાળા દરમિયાન યુવતી ઘણી વાર પિયર ગઈ હતી. પ્રસંગોપાત પોતાને ઘેર પણ માતા-પિતા ભાઈ બહેન આવ્યા હતા અને અન્ય કુટુંબીજનોને પણ મળી ચૂકી હતી. છતાં એક વાત ચોક્કસ હતી કે પિયરજનોના વિરહ ને કારણે યુવતી માનસિક અને શારીરિક રીતે ભાંગી પડી હતી.

વિરહ કે વિયોગ એ માનવીય સંબંધોનું અવિભાજ્ય અંગ છે જ્યાં સંબંધ હોય ત્યાં વિયોગનું દુ:ખ હોય જ. સંબંધ અને વિયોગ વચ્ચે એક છોડી ના શકાય એવી ગાંઠ બાંધેલી હોય છે. સંબંધ અને વિરહને ક્યારેય જુદા ના કરી શકાય.

વ્યક્તિને પોતાના જે કોઈ સ્નેહી કે સંબંધીકે પ્રિયજનને વિયોગ સાલતો હોય છે એ વિયોગ વસ્તુત: પુન:મિલન માટેનો તલસાટ હોય છે, મળવા માટેનો વલવલાટ હોય છે. પ્રિયજન સાથે રહેવા માટેની એક જિજીવિષા હોય છે. પોતાના સ્નેહીથી વિખૂટા પડ્યા પછી વ્યક્તિ જ્યારે પોતાના પ્રિયપાત્ર કે સ્નેહપાત્રથી દૂર હોય છે, બંનેનું પ્રત્યક્ષ મિલન થઈ નથી શકતું ત્યારે વ્યક્તિ વિરહ અનુભવે છે, પ્રિયપાત્રથી પોતે દૂર હોવાથી વ્યક્તિને વિયોગ સાલે છે. વ્યક્તિ પોતાના પ્રિયપાત્રને મળીને વિખૂટી પડે છે ત્યારે ફરીવાર તેને મિલનની ઝંખના થાય છે તેને વિયોગભાવ કહે છે.

માની લઈએ કેબે પ્રિયજનો વિખૂટા પડ્યા પછી બંને પ્રિયપાત્રોનું ફરી પાછું મિલન થયું અને ફરી પાછા બંને વિખૂટા પડ્યા તો ફરી પાછી બંનેના મિલનની ઝંખના થાય છે અને તેનો વિયોગ સાલે છે. બંનેનું વારંવાર મિલન થયા કરે તો પણ મિલન પછી પણ વિરહનો ભાવ તો સતત રહ્યા જ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો બંને સ્નેહીજનો જ્યારે અંકબીજાથી દૂર રહે છે ત્યારે વિરહભાવ એક સ્થાયીભાવ તરિકે કાયમ રહે છે અને આ સ્થાયીભાવ વ્યક્તિને તલસાવે છે, દૂ:ખ આપે છે, પી:ડા આપે છે. કેટલીક વ્યક્તિઓ આ પી:ડાને પચાવી શકે છે. પેલી યુવતી જેવી વ્યક્તિઓ જ્યારે આ પીડાને પચાવી નથી શકતી ત્યારે તેઓના મન અને શરીર ઉપર અવળી અસરો પેદા થાય છે.

વ્યક્તિનો સંબંધ કોઈ પણ પ્રકારનો હોય, કોઈ પણ પ્રકારના સંબંધમાં પોતાના સ્નેહીના વિયોગથી વ્યક્તિ વ્યથિત થઈ શકે છે. એ સંબંધ પતિ-પત્નીનો હોય, માતા-પિતા-બાળકોનો હોય, પ્રિયતમ-પ્રિયતમાનો હોય કે મિત્ર-મિત્રનો પણ હોય શકે. વ્યક્તિનો પોતાના સંબંધી સાથે સામાજિક રીતે ક્યા પ્રકારનો સંબંધ છે તેના કરતાં એ સંબંધ કેવો ઘનિષ્ઠ અને ગાઢ છે તેના આધારે વિરહભાવની માત્રા નક્કી થતી હોય છે. સંબંધ જેટલો વધારે નિકટનો અને ગાઢ એટલી જ વિરહભાવની માત્રા વધારે અને એટલી જ વધારે વિરહની વ્યથા અને વેદના.

ઘરથી દૂર નોકરી કે વ્યવસાય માટે ગયેલા પતિના વિરહમાં ઝૂરતી પત્નીઅને પિતાના વિરહમાં વલવલતા બાળકો, સાસરે ગયેલી દીકરીના વિરહમાં વ્યથા અનુભવતા મા-બાપ કે ભાઈ ભાંડુઓ, ઘરથી દૂર અભ્યાસ માટે ગયેલા બાળકોના વિરહમાં તરફડતા તેના મા-બાપ, પ્રિયતમ કે પ્રિયતમાના વિરહમાં વ્યથિત થતાં પ્રેમીઓ કે કોઈ પણ વ્યક્તિના મૃત્યુ પછી તેનો કાયમી વિરહ અનુભવતા મૃત વ્યક્તિના પ્રિયજનોની વિરહવેદનાથી આપણે કોઈ જ અજાણ નથી. આપણે સૌએ ક્યારેક તો આ પ્રકારના વિરહની વ્યથાનો અનુભવ કર્યો જ છે. **(ક્રમશ:)**